# આણંદ કૃષિ યુનિવર્સિટી

આણંદ-૩૮૮ ૧૧૦

**કોરોના સંબંધિત કર્મચારીઓ/અધિકારીઓને અનુસરવાની સૂચનાઓ બાબત...**

## !! પરિપત્ર !!

આથી આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ વડાશ્રીઓને જણાવવામાં આવે છે કે આપના તાબા હેઠળ ફરજ બજાવતા નિયમિત મહેકમ પરના વર્ગ-૧ થી વર્ગ-૪ના કર્મચારીઓ/ અધિકારીઓ/Controuctual Staff/તમામ રીસર્ચ ફેલો/રોજમદાર કર્મચારીઓ/ખેત મજુરો બાબતે નીચેની બાબત ધ્યાનમાં લઈ કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

(૧) " જો કોઇપણ કર્મચારી/અધિકારી કે ઉકત તમામ કેટેગરીના ઇસમો હાલ તેમના કાર્યમથક/હેડ કવાર્ટરને બદલે અન્ય સ્થળે ઉપસ્થિતી હોય તો તેમણે તેમના હાલના સ્થળની માહિતી તાત્કાલિક સંબંધિત યુનિટ/કચેરી વડાને ઇ-મેઇલ કે વોટસએપથી સંપૂર્ણ સરનામા સહિત જણાવવાની રહેશે. " યુનિટ વડાએ તમામ માહિતી સંકલિત કરી દફતર નિભાવવાનું રહેશે.

(૨) "જો કોઇપણ કર્મચારી/અધિકારી કે ઉકત તમામ કેટેગરીના ઇસમો હાલ તેમના હેડ કવાર્ટર/ કાર્યમથકના જીલ્લા બહાર અન્ય જીલ્લામાં કે ગુજરાત રાજય બહાર ઉપસ્થિતી હશે તેમણે જયારે પણ કાર્યમથક પર હાજર થવાનું આવે ત્યારે સંબંધિત જીલ્લા કલેકટરશ્રી/જીલ્લા આરોગ્ય અધિકારીને બિનચુક જાણ કરી તેની નકલ પોતાના યુનિટ/સબ યુનિટ વડાને આપવાની રહેશે. વધુમાં આવા કર્મચારી/અધિકારી વિગેરેએ સરકારશ્રીની કોરોના સંબંધિત માર્ગદર્શિકા મુજબ ચુસ્તપણે અમલવારી કરવાની રહેશે. "

(૩) જો કોઇ કર્મચારી/અધિકારી-સરકારશ્રી દ્વારા જાહેર થયેલ હોટસ્પોટ/કલસ્ટર કન્ટેઇનમેન્ટ ઝોનમાં હાલ ઉપસ્થિતી હોય તેમણે પોતાના યુનિટ/સબ યુનિટ વડાને સત્વરે જાણ કરવાની રહેશે તથા જયારે પણ યુનિવર્સિટી ખાતે કાર્યમથક/હેડ કવાર્ટરસ પર પરત ફરવાનું થાય તેની આગોતરી જાણ સંબંધિત જીલ્લા કલેકટરશ્રી/જીલ્લા આરોગ્ય અધિકારીશ્રીને બિનચૂક કરવાની રહેશે તથા તેની જાણ પોતાના યુનિટ/સબ યુનિટ વડાને પણ કરવાની રહેશે. વધુમાં આવા કર્મચારી/અધિકારીએ સરકારશ્રીની કોરોના સંબંધિત માર્ગદશિકા ઉદા. સેલ્ફ કવોરેન્યટન/હોમ કવોરેન્યટન વિગેરેની ચુસ્ત અમલવારી કરવાની રહેશે.

ઉકત બાબતે ચુસ્ત તકેદારી રાખવા તમામ યુનિટ/સબ યુનિટ વડાને આદેશનુસાર જણાવવામાં આવે છે.

પ્રસ્તુત પરિપત્ર માન.કુલપતિશ્રીની મંજુરી મેળવી જારી કરવામાં આવે છે.

કુલસચિવ

**જા.નં. આકૃયુ/રજી/સંકલન/૧૬૧૨/૨૦૨૦**
**તા.૨૭-૦૪-૨૦૨૦**

**નકલ સવિનય રવાના જાણ તથા અમલવારી કરવા સારૂ.**

(૧) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ જાણ સારૂ.
(૨) તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
(૩) સિકયુરીટી ઓફીસરશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

**નકલ રવાના:**

(૧) કુલસચિવશ્રીના અંગત મદદનીશ તરફ.
(૨) આ કચેરીની તમામ શાખાઓ તરફ.